## ફોજદારી પરચુરણ અરજી નં. ૭૪/૨૦૨૪ ના કામે આંક–૪ તળે હુકમ

**પક્ષકારોના વકીલશ્રીઓ :**
અરજદાર તરફે વિ. વકીલશ્રી એન.યુ.સોલંકી
સામાવાળા નં. ૧ થી ૪ તર્ફે વિ.વકીલશ્રી જે.એચ.સોનગ્રા

**(૧.૧)** અરજદારે હાલની આ વચગાળાની અરજી રજુ કરી નાણાકીય રાહત પેટે રૂા. ૧૦,૦૦૦/– અરજીની તારીખથી વચગાળાના માંગેલ છે.

**(૧.૨)** હાથ પરની અરજી તથા તેનો સામાવાળા નં. ૧ થી ૪ તર્ફે આંક–૧૦ થી રજુ જવાબ વંચાણે લીધો. રેકર્ડ અને રોજકામ વંચાણે લીધું. પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યાં. તેમની મૌખિક રજુઆતો તથા દલીલો ધ્યાને લીધી.

**(૧.૩)** ડોમેસ્ટિક વાયોલેસન એકટની કલમ – ૨૩ નીચે મુજબ વંચાય છે.

*"**Section-23 Power to grant interim and ex parte orders :***

*(1) In any proceeding before him under this Act, the Magistrate may pass such interim order as he deems just and proper.*

*(2) If the Magistrate is satisfied that an application prima facie discloses that the respondent is committing, or has committed an act of domestic violence or that there is a likelihood that the respondent may commit an act of domestic violence, he may grant an ex parte order on the basis of the affidavit in such form, as may be prescribed, of the aggrieved person under Section-18, 19, 20 and 21 or, as the case may be, Section-22 against the respondent."*

**(૨)** આ કામે કલમ – ૧૨ મુજબનો અહેવાલ મંગાવવામાં આવેલ છે. જે આ કામે આંક – ૬ થી રજુ છે. જે વંચાણે લેતાં પ્રથમ દર્શનીય રીતે ઘરેલું હિંસા થયેલ હોવાનો પ્રોટેકશન ઓફીસ, મોરબીનાઓએ અહેવાલ કરેલ છે.

**(૩)** મુળ અરજી તથા સામાવાળા નં.૧ થી ૪ નો આંક–૧૦ થી રજુ જવાબ વંચાણે લેતાં બન્નેએ આક્ષેપો અને પ્રતિ આક્ષેપો કરેલ છે. અરજદાર દ્વારા આ કામે મુળ અરજીમાં નાણાકીય રાહત માંગેલી અને તેઓને દર

મહીને રૂા. ૨૦,૦૦૦/– ચડચે ચડયા સામાવાળા નં.૧ આપે તેવી અરજી કરેલ છે. અરજદારે તેમની મુળ અરજીમાં સામાવાળાની આવક અંગે એવી હકીકત જણાવેલ છે કે, સામાવાળા નં.૧ મોબાઈલની દુકાને નોકરી કરે છે, તેમજ શિવાલિકમાં એક મોટું મકાન આવેલું હોય જે મકાન ભાડે આપી જેમાં સારું એવું ભાડુ વસુલ કરે છે, તેમજ માથક મુકામે અનાજ કરીયાણાની દુકાન પણ આવેલી હોય પૈસા ટકે સુખી સપન્ન માણસ છે અને કાલા કપાસના વેપારી છે જેથી વ્યાજ વટાવવાનો પણ ધંધો કરે છે. અરજદાર કમાય શકે તેમ નથી અને કમાવાનું કોઈ સાધન નથી અને ભરણપોષણની આજદીન સુધી કોઈ વ્યવસ્થા કરેલ નથી. સામાવાળાએ તેના જવાબમાં અરજદારની હકીકતોને નકારેલ છે. પરંતુ તેમની આવક અંગે રેકર્ડ પર કોઈ હકીકત જણાવેલ નથી અને રેકર્ડ પર કોઈ પુરાવો રજુ કરેલ નથી. જે સંજોગોમાં પુરાવો નોંધી અને તેનું મુલ્યાંકન કર્યા વિના પણ સામાવાળા નં.૧ સક્ષમ છે અને કમાય છે તેવી હકીકત સ્વીકારી શકાય તેમ છે. અરજદારે અરજીના સમર્થનમાં સોગંદનામું રજુ કરેલું છે.

(૪) અરજદાર દ્વારા તેમના બે સંતાનો માટે વચગાળાની નાણાકીય રાહતની માંગણી કરેલ છે. પરંતુ તેઓને આ કામે પક્ષકાર તરીકે દર્શાવેલ નથી. કાયદાકીય પ્રબંધ અને સદરહુ કાયદાના પ્રબંધનો મુળ ઈરાદો બર લાવે તે રીતે ઉપરોકત તમામ રેકર્ડ પરની હકીકતોને ધ્યાને લઈ હાથ પરની અરજીનો નિકાલ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે. ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લેતાં આ કામે અરજદાર તથા તેમના સંતાનોને સંયુકત રીતે માસિક રૂા. ૨૫૦૦/– વચગાળાના ભરણપોષણ તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(અ) હાલની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(બ) આથી સામાવાળાને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓની મુળ અરજી પૂરી ન થાય ત્યાં સુધી સામાવાળાએ માસિક રૂા. ૨૫૦૦/–

(અંકે રૂપિયા પચ્ચીસ સો પુરા) ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૩ ની અરજીની તારીખ : ૨૦/૦૫/૨૦૨૩ થી ચડયે–ચડયા ચૂકવી આપવા.

(ક) અરજદારે આ કામની ઈન્સાફી કાર્યવાહીના ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) સામાવાળાને ચૂકવી આપવા.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

સ્થળ:– હળવદ
તારીખ:– ૧૭/૦૮/૨૦૨૪

(એ.એન.ગજજર)
એડી.ચીફ જયુડી. મેજી.,
હળવદ, જી. મોરબી (GJ-01166)